જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૬/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૧૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૬ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૪૬૬ લીટર દેશી દારૂ, ૪૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૦૩૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૭ બીયર ટીન, ૦૨ સ્કુટર, ૦૧ રીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૭૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૧૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૨૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૮૧૮/૨૦૨૬**

ઘાટલોડીયાઃ કિશોરભાઈ જીવરાજભાઈ પઢીયાર (ઉ.વ.૫૩)(રહે.ભુમિનગર સોસાયટી, વિભાગ–૧ હિરાબાગ સોસાયટી સામે ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૬ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રથમ માળે લાઈનિંગ વર્કસના કારખાના ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી નારણભાઈ નવઘણભાઈ ચલાવે છે.

સોલા હાઈકોર્ટઃ ચંદુલાલ બસંતીલાલ મીણા (ઉ.વ.૩૧)(રહે.ગામ–નવાગાંવ તા–ખેરવારા જી–ઉદયપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૬/૨૦૨૬ સવારના ૭/૧૫ વાગ્યા પહેલા "માહિ ઈટાલીયન માર્બલ" ની બાજુમાં આવેલ ખુલ્લા મેદાનમાં લીમડાના ઝાડની ડાળી સાથે શર્ટ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ઈન્દ્રવિજયસિંહ પ્રતાપસિંહ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી